

# બાજુએ ખસો, ચીની EV ગાડીઓ આવી રહી છે

થોડા મહિના અગાઉ ચીનની કેટલીક નવી ઇલેક્ટ્રિક મોટરકારો (EV) ટેસ્ટ-ડ્રાઇવ માટે અમેરિકાના અલાસ્કામાં મોકલવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર કાર ઇન્ફ્લુઅન્સર તરીકે લોકપ્રિય થયેલા લોકોએ ગાડીઓ ચલાવીને સોશિયલ મીડિયા પર તેનું વિવેચન કરવાનું હતું. તેમાં રિચર્ડ બેનોઇટ નામના એક લોકપ્રિય રેસ-ડ્રાઇવર ઇન્ફ્લુઅન્સર હતા.

ચીનની બનાવટની સ્કાય-બ્લુ રંગની 'ચેરી આઇકાર ૦૩'ની ડ્રાઇવર સીટમાં બેસીને કારનું પરીક્ષણ કર્યા બાદ રિચર્ડ બેનોઇટ અભિભૂત બની ગયા. SUV કારમાં મોકળાશ ધરાવતું ઇન્ટીરિયર, વાઇડ-સ્ક્રીન ડિજિટલ ડિસ્પ્લે, બિલ્ટ-ઇન કરાઓકે અને છતાં પણ અમેરિકનોને પરવડે એવી ચોવીસ હજાર ડોલરની કિંમત જોઇને રિચર્ડ બેનોઇટ બોલે છે કે, હવે મને સમજાય છે કે અમેરિકન સરકાર અને અમેરિકન કાર ઉદ્યોગ આ પ્રકારની ચીની ગાડીઓને અમેરિકામાં શા માટે આવવા દેવા માગતા નથી? એમનું કહેવું હતું કે ગાડીઓને અમેરિકામાં આવવા નહીં દેવાનો નિર્ણય એક પ્રકારનું પાગલપન છે.

રિચર્ડ બેનોઇટે એક વિડિયો શૂટ કર્યો છે, તેનું શીર્ષક છે, 'અમેરિકામાં જે ગેરકાનૂની ગણાય છે એવી સસ્તી ચાઇનીઝ ગાડીઓ મેં ચલાવી. હું એ જાણું છું કે અમેરિકામાં આ ગાડીઓ ઇલિગલ શા માટે છે?' ત્યારબાદ એ વિડિયો ત્રીસેક લાખ લોકોએ જોયો છે. બેનોઇટ કહે છે કે એના વિડિયોના અમેરિકન સબસ્ક્રાઇબરો આવી પોસાય તેવી અને છતાં સુંદર, ભવ્ય, ચીની કંપનીઓ જેવી કે BYD, શ્યાઓમી અને ઝીક્રની ગાડીઓ વસાવી શકતા નથી. ગાડીઓ વસાવવી ગેરકાનૂની નથી, પરંતુ અમેરિકામાં બનેલી ગાડીઓને, પછી ભલે તે ચીની ગાડીઓ કરતાં નિમ્ન સ્તરની અને મોંઘી હોય, રક્ષણ આપવા માટે ચીની બનાવટની ગાડીઓ પર સવાસો ટકાથી વધુ આયાત જકાત લાદીને તેને મોંઘી બનાવી દેવાઈ છે. પરિણામે અમેરિકનો પાસે અમેરિકી બનાવટની ગાડીઓ ખરીદવા સિવાય બીજો કોઈ પરવડે તેવો વિકલ્પ બચતો નથી. બેનોઇટને એ વિડિયોના પ્રતિસાદમાં અસંખ્ય અમેરિકનોના ફોન કોલ્સ, મેસેજીસ, પોસ્ટ્સ વગેરે મળ્યાં, જેઓ એ ચીની ગાડીઓ ખરીદવા આતુર હતા. ચીની ગાડીઓની આયાત પર અમેરિકામાં સંપૂર્ણ પ્રતિબંધ નથી, છતાં લગભગ ૧૨૮ ટકાની આયાત જકાત ઉપરાંત અમેરિકાના માર્ગ સલામતીનાં નામે ચીની ગાડીઓમાં તરેહ-તરેહના વાંધા-વચકાં કાઢીને ચીની ગાડીઓના સોફ્ટવેર દ્વારા જાસૂસી થાય છે એવાં કારણો આપીને ચીની ગાડીઓની આયાતને હતોત્સાહ કરવામાં આવે છે. શક્ય છે કે આમાંથી કેટલાંક કારણો સાચાં હોય. પરંતુ તો પછી ચીનને જે રકમમાં ઉત્કૃષ્ટ ગાડીઓનું નિર્માણ અને વેચાણ કરવાનું પોસાય છે તેનું ઉચિત અનુકરણ અમેરિકનોએ અને દુનિયાના બીજા ઉત્પાદકોએ કરવું જોઇએ. ભારતની વાત કરીએ તો આ દિશામાં ભારતીય ઉત્પાદકો યોગ્ય રીતે આગળ વધી રહ્યા છે. છતાં ગુણવત્તા, ડિઝાઇન, કિંમત વગેરેમાં તેઓએ એ પ્રકારનાં આવિષ્કારો આણવા જોઇએ, જેથી ભારતીય ગાડીઓ માટે માત્ર ભારત જ નહીં, પણ સમગ્ર દુનિયા એક બજાર બની જાય. ભારત માટે તે મુશ્કેલ નથી.

**ગાડીઓ વસાવવી ગેરકાનૂની નથી, પરંતુ અમેરિકામાં બનેલી ગાડીઓને, પછી ભલે તે ચીની ગાડીઓ કરતાં નિમ્ન સ્તરની અને મોંઘી હોય, રક્ષણ આપવા માટે ચીની બનાવટની ગાડીઓ પર સવાસો ટકાથી વધુ આયાત જકાત લાદીને તેને મોંઘી બનાવી દેવાઈ છે**


પ્રમાણમાં સારી રીતે વિકસિત ગણાતા કે પછી અર્ધવિકસિત લેટિન અમેરિકાના દેશોમાં ભારતમાં નિર્મિત મોટરબાઇક્સ અને ગાડીઓ વેચાય છે. મોટરબાઇક્સનું પ્રમાણ સવિશેષ છે.

અમેરિકાએ અન્ય માર્ગો અપનાવીને ચીની ગાડીઓની આયાતમાં જે વ્યવધાનો ઊભાં કર્યાં છે તેને કાનૂનના રૂપમાં કાયમી સ્વરૂપ આપવાનું અમેરિકન સાંસદો વિચારી રહ્યા છે. અહીં માત્ર ચીની ગાડીઓનો જ સવાલ નથી. અમેરિકનોને પોતાની શ્રેષ્ઠતાના વટનો પ્રશ્ન નડે છે. પ્રથમ ક્રમના હરીફને આગળ વધતો રોકવો છે. દુનિયાભરની નોંધપાત્ર માર્કેટોમાં ચીની વાહનો વેચાવા માટે મોટા પાયે ઘૂસી ગયાં છે, પરંતુ અમેરિકામાં તેમની હાજરી નાબૂદ છે. ટિકટોક અને અન્ય એપ્સ પર લક્ઝુરિયસ ફીચર્સ અને સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ટેક્નોલોજીની ગાડીઓ પરવડે તેવી કિંમતે મળે છે તે જોઇને લોકોમાં ચીની ગાડીઓનું ઘેલું અને તેની હાઇપ વધી જાય છે. તેમાંની કેટલીક ગાડીઓ પૂર્ણપણે બેટરીથી ચાલતી અથવા હાઇબ્રિડ હોય છે.

...અનુસંધાન પાના નં. 4 પર

**કબીરા ખડા બજાર મેં**
વિન્સી મરચન્ટ

## સોનિયાનું સંસ્મરણ પુસ્તક ચપોચપ વેચાઇ રહ્યું છે




પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયા પ્રકાશન ગૃહને સોનિયા ગાંધીની સંસ્મરણીકા 'બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ'ના પ્રકાશનને નકારવાના પોતાના નિર્ણય પર ચોક્કસ પસ્તાવો થઇ રહ્યો હશે. આ પુસ્તક હોટ કેકની જેમ વેચાઇ રહ્યું છે. વૈકલ્પિક પ્રકાશન કંપની હાર્પર કોલિન્સના વડાએ આ અઠવાડિયાની શરૂઆતમાં પુસ્તક વિમોચન પ્રસંગે જાહેરાત કરી હતી કે માત્ર એક પખવાડિયામાં જ તેની ૨ લાખથી વધુ નકલો વેચાઇ ચૂકી છે. આનો અર્થ એ છે કે આ પુસ્તકે ૨૬ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લીધી છે. અને ભારે પ્રચાર તથા એક ભવ્ય લોન્ચિંગ સમારોહ – જ્યાં પરિવાર અને મિત્રોની સાથે 'ઇન્ડિયા' ગઠબંધનના તમામ પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા – તેની વચ્ચે પુસ્તકની માંગ સતત વધી રહી છે. આ આંકડાઓ માત્ર ભારતમાં થયેલા પુસ્તકના વેચાણના છે. અમેરિકા અને અન્ય દેશો માટેના વિદેશી પ્રકાશક આલ્ફ્રેડ એ. નોફ અને યુકે માટેના પ્રકાશક વિલિયમ કોલિન્સ દ્વારા હજુ સુધી તેમના વેચાણના આંકડા જાહેર કરવામાં આવ્યા નથી. પેંગ્વિન દ્વારા નકારવામાં આવ્યા બાદ જે રીતે આ બેસ્ટ સેલર પુસ્તક અણધારી રીતે હાર્પર કોલિન્સના હાથમાં આવ્યું, તે પોતાના નસીબ પર કદાચ તેઓ પોતે પણ વિશ્વાસ નહીં કરી શકતા હોય. પ્રકાશન ઉદ્યોગના નિરીક્ષકોનું અનુમાન છે કે સોનિયા ગાંધીનું ''બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ'' ફિક્શન અને નોન-ફિક્શન એમ તમામ શ્રેણીઓમાં આ દાયકાનું સૌથી મોટું બુક લોન્ચ સાબિત થવાની સંભાવના છે. પુસ્તકની પ્રસ્તાવનામાં સોનિયા ગાંધી જણાવે છે કે તેઓ લખવા માટે અચકાતા હતા, પરંતુ પરિવાર અને મિત્રોએ તેમને તેમની અસાધારણ જીવનકથા કહેવા માટે આગ્રહ કર્યો હતો. અને તેઓ કહે છે કે એકવાર તેમણે લખવાનું શરૂ કર્યું, ત્યારબાદ ''જાણે બંધ તૂટી ગયો: યાદોનું ઘોડાપૂર ઉમટી પડ્યું.''

**ઈધર-ઉધરકી**
આરતી જેરથ

## વાયુસેનાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ પર કબજાના સરકારના પગલાંથી દિલ્હીની સ્પોર્ટ્સ ક્લબોમાં ભય



આ વર્ષે ૨૮ ઓક્ટોબરના રોજ કેન્દ્ર સરકારના લેન્ડ એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા જે અચાનક અને મનસ્વી રીતે ભારતીય વાયુસેના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ધરાવતા ૩૯.૫ એકરના સંકુલ પર કબજો કરવામાં આવ્યો, તેનાથી શહેરના ગોલ્ફ ખેલાડીઓમાં ભય ફેલાયો છે કે હવે સરકારની ચાદીમાં આગામી નંબર પ્રતિષ્ઠિત દિલ્હી ગોલ્ફ ક્લબનો હોઇ શકે છે. IAF સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની જેમ, દિલ્હી ગોલ્ફ ક્લબ જે જમીન પર આવેલી છે તે પણ L&DO ની માલિકીની છે. આ ક્લબ ત્યુટિયન્સ દિલ્હીની મધ્યમાં ૨૨૦ એકરની લીલીછમ હરિયાળીમાં ફેલાયેલી છે. અને તેનું સભ્યપદ અત્યંત મર્યાદિત છે; તે મેળવવામાં ૩૪ વર્ષ જેટલો સમય લાગી શકે છે. અત્યાર સુધી આ જમીન પાછી લેવા માટે સરકારની કોઇ યોજનાના સંકેતો મળ્યા નથી. જોકે, L&DOએ લોક કલ્યાણ માર્ગ પર આવેલા વડાપ્રધાન નિવાસસ્થાન નજીકની દિલ્હી પોલો ક્લબને પહેલેથી જ ખાલી કરાવી દીધી છે અને નજીકમાં આવેલી દિલ્હી જિમખાના ક્લબને પણ ખાલી કરવાની નોટિસ ફટકારી છે, તે હકીકતને જોતા ગોલ્ફરોને ડર છે કે આ ચાદીમાં દિલ્હી ગોલ્ફ ક્લબનો વારો આવી શકે છે. IAF સ્પોર્ટ્સ ક્લબનું અધિગ્રહણ એટલું અચાનક હતું કે વિદાય લઈ રહેલા IAF વડા એ. પી. સિંહને IAFના ગોલ્ફિંગ ગ્રીન ખાતે પરંપરાગત વિદાય ગોલ્ફ રાઉન્ડ રમવાથી વંચિત રહેવું પડ્યું હતું. તેમની નિવૃત્તિના એક દિવસ પહેલાં જ આ જમીન સંપાદિત કરી લેવામાં આવી હતી. IAFમાં તેના નિવૃત્ત થતા વડાને 'ગોલ્ફિંગ આઉટ' પરંપરા રહી છે અને દરેક એર ચીફ માર્શલને આ જ રીતે વિદાય આપવામાં આવી છે. સરકારે પોલો ક્લબ, જિમખાના ક્લબ કે IAF સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટેની પોતાની યોજનાઓ જાહેર કરી ન હોવાથી, રાતોરાત IAF સંકુલ પર કબજો કરી લેવાની આ મનસ્વી રીતથી લોકો મુંઝવણમાં મુકાયા છે. દરમિયાન, દિલ્હી ગોલ્ફ ક્લબના સભ્યો, જેઓ દેશના સત્તાધીશ અને ઉચ્ચ વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે, તેઓ એવા ડરથી મન મૂકીને રમી રહ્યા છે કે કદાચ આ તેમની છેલ્લી રમત હોઇ શકે છે.

## કોંગ્રેસ કેમ ચૂંટણીઓનો બહિષ્કાર કરતી નથી?



રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ અને મતદાર યાદીઓની તેની વિવાદાસ્પદ 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવ્યુ'(ખાસ સઘન સમીક્ષા) સામે મોરચો માંડ્યો ત્યારથી રાજકીય વર્તુળો અને વિવેચકોને સતાવી રહેલા એક પ્રશ્નનો જવાબ આપવા માટે શિકાગો યુનિવર્સિટીની પસંદગી કરી તે રસપ્રદ છે. અમેરિકાની યુનિવર્સિટીઓના તેમના પ્રવાસ દરમિયાન, તેમની સાથે સંવાદ કરવા એકત્ર થયેલા વિદ્યાર્થીઓને તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી પ્રણાલીમાં ખામીઓ સામે આવી રહી હોવા છતાં કોંગ્રેસ ચૂંટણીઓનો બહિષ્કાર કરશે નહીં. તેમણે કહ્યું કે લોકશાહી પવિત્ર છે અને જ્યાં સુધી લોકોને પોતે આ પ્રણાલી ખામીયુક્ત હોવાનો અહેસાસ ન થાય ત્યાં સુધી કોંગ્રેસ હારની હારમાળાનો સામનો કરવાનું પસંદ કરશે. તેમણે સમજાવ્યું કે જો કોંગ્રેસ ચૂંટણીઓનો બહિષ્કાર કરશે, તો તેનાથી ભારતમાં લોકશાહીનો અંત આવશે. અને તેઓ સ્પષ્ટ છે કે તેઓ તેના માટે જવાબદાર બનવા માંગતા નથી.

# દોસ્તાના ને યારાના એપિસોડ પૂરો, આયેશા મિસિંગ કેસની તપાસ ક્રાઇમ બ્રાન્ચ કરશે

પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણા મીઠી અને મનગમતી મૂંઝવણમાં હતા. સામે બેઠેલા ચિંચલી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઇન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી કે લોકલ ક્રાઇમ બ્રાન્ચના ઇન્સ્પેક્ટર જયદીપ રાઠોડ ટસનામસ થવા તૈયાર નહોતા.

જયદીપ રાઠોડ મક્કમ હતા. 'સર, એમ કોઇના નાટક કે દબાણથી તપાસ થોડી એલ.સી.બી.ને સોંપી દેવાય? લોકલ ચિંચલી પોલીસ સ્ટેશને કોઇ ભૂલ કરી જ નથી તો એની પાસેથી શા માટે તપાસ લઇ લેવી? પોલીસનો જુસ્સો શા માટે તોડી નાખવો? હું લોકલ ક્રાઇમ બ્રાન્ચને તપાસ સોંપવાની તરફેણમાં નથી જ.'

પુષ્કર્ણાને આનંદ થયો કે પોતાની ટીમમાં ઈર્ષાળુ કે ટાંટિયાખેંચ માણસો નથી. તેમણે નિરવ ત્રિવેદી સામે જોયું.

નિરવ બોલ્યા, 'સર, અત્યારે મહત્ત્વ એક સ્થાનિક પોલીસ સ્ટેશનનું નથી, સમગ્ર પોલીસ ખાતાની આબરૂનો છે. કારણ ગમે તે હોય પણ લોકનજરે તો ચિંચલી પોલીસ સ્ટેશન અને એના ઇન્ચાર્જ ઇન્સ્પેક્ટર નિરવ ત્રિવેદીએ આયેશા મિસિંગ કેસમાં ઊંધું વેતર્યું છે...'

'સૉરી, ઊંધું વેતર્યું એવી છાપ ઊભી કરાઈ છે...', રાઠોડે ટાપસી પૂરી.

ત્રિવેદી હસ્યા, 'ભલે એમ રાખો પણ પોલીસ સામેની નારાજગી દૂર કરવાનું પહેલું પગલું છે આયેશા મિસિંગ કેસની તપાસ લોકલ ક્રાઇમ બ્રાન્ચને હવાલે કરવાનું. અને મારો કે મારી ટીમનો જુસ્સો જરાય ઓછો નહીં થાય એની ગેરંટી મારી.'

'પણ સર, આ ખોટું થશે...'

'ભાઈ જયદીપ, આપણા બન્નેની ઈચ્છા, ફરજ અને પ્રાથમિકતા અપરાધીને પકડવાની, ગુનેગારને પકડવાની અને દોષિતને સજા અપાવવાની છે, પછી એ તમે કરો, હું કરું કે ભલે ને કોઈ પણ કરે.'

જયદીપ પાસે દલીલ ન બચી, 'પણ સર, આનાથી મને ખરાબ લાગશે.'

'ને મને સારું લાગશે. પ્લીઝ જયદીપ, મારા માટે સ્વીકારી લે, પ્લીઝ દોસ્ત.'

પુષ્કર્ણા મરક્યા, 'ચાલો હવે દોસ્તાના ને યારાના એપિસોડ પૂરો. મારો નિર્ણય છે કે આયેશા મિસિંગ કેસની તપાસ લોકલ ક્રાઇમ બ્રાન્ચ કરશે. અને એ પણ યુદ્ધના ધોરણે. ગુનેગારો પોલીસની ગુડવિલને કિડનેપ કરી ગયા છે ને કોઈ પણ ભોગે એ પાછી લાવવાની છે. ઈઝ ધેટ ક્લિયર, બૉય્ઝ?'



**ક્રાઇમ કોડ**
પ્રફુલ શાહ

**ભાઈ જયદીપ, આપણા બન્નેની ઈચ્છા, ફરજ અને પ્રાથમિકતા અપરાધીને પકડવાની, ગુનેગારને પકડવાની અને દોષિતને સજા અપાવવાની છે, પછી એ તમે કરો, હું કરું કે ભલે ને કોઈ પણ કરે**

રાઠોડ, 'યસ સર... હું આપને ખાતરી આપું છું.'

ત્રિવેદી ખુશી સાથે, 'થેન્ક યુ સર. એક ગુસ્તાખી કરું?'

'બોલો નિરવ.'

'સર, એક લેડી લાપતા છે. તપાસ કે પૂછપરછમાં પણ લેડીજ આવશે જ. ને લોકલ ક્રાઇમ બ્રાન્ચમાં કોઈ લેડી નથી, આ મામલો સંવેદનશીલ છે તો...'

પુષ્કર્ણાને મુદ્દો યોગ્ય લાગ્યો, 'પણ ડાંગમાં લેડીજ છે જ ક્યાં?'

નિરવ ત્રિવેદીએ જયદીપ રાઠોડ સામે જોયું.

'કામગીરી તો જયદીપ જ કરે પણ ઔપચારિકતા પૂરતી કાવ્યા રાણાને ત્યાં મૂકી શકાય...'

જયદીપે પ્રેમથી નિરવના હાથ પર હાથ મૂક્યો, 'થેન્ક યુ. એના સ્વભાવને હું પહોંચી વળીશ. આઈ એગ્રી વિથ ઈટ સર.'

'ગુડ, બન્ને બાબત ફાઇનલ. હવે લાગી જાઓ કામ પર. ઑલ ધ બેસ્ટ.'

સાંજે સાતેક વાગ્યે ત્રિવેદી અને રાઠોડ ઊભા થઈને સેલ્યુટ સાથે 'જય હિન્દ' બોલીને ચાલવા માંડ્યા.

'ઍન્ડ બૉય્ઝ, આઈ એમ પ્રાઉડ ઑફ યુ.'

■■■

લોકલ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં બે કલાક સુધી એલ.સી.બી.ના ઇન્સ્પેક્ટર જયદીપ રાઠોડ અને ચિંચલી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઇન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી આયેશા મિસિંગ કેસ પર ચર્ચા કરતા રહ્યા. આમાં ત્રિવેદી બોલ્યા ને રાઠોડ સાંભળતા રહ્યા.

નિરવ ત્રિવેદીનાં અમુક નિરીક્ષણોએ રાઠોડને વિચારતા કરી મૂક્યા. એક, સેબાસ્ટિયન ગોન્સાલ્વિસ ઉર્ફે સબા ને ગજબનાક વિશ્વાસ છે. પહેલી વાર પોલીસ સાથે પનારો પડ્યો હોય એવું લાગતું નથી. બે, આયેશાના લાપતા થવાની તારીખમાં તરત બોલી ગયો કે ડાંગ દરબારના આગલા દિવસે. આ સહેજ વિચિત્ર લાગે છે. ત્રણ, પોલીસ સ્ટેશનની પહેલી મુલાકાતથી જ મોબાઇલ ફોનમાં વીડિયો શૂટ કરાતા હતા. પોલીસ ધ્યાન નહીં આપી શકે એવી ખાતરી કેમ હોઈ શકે? ચાર, જસ્ટિસ ફૉર આયેશાની રીલ્સમાં નીતનવા ફોટા દેખાય છે તો શું બધા સોશિયલ મીડિયા પર ઉપલબ્ધ છે? પાંચ, ભલે તપાસ આયેશા વિશે કરવાની છે પણ પોતાના વિશેના સવાલોથી સેબાસ્ટિયન ઉશ્કેરાય કેમ છે? છ, આ સમગ્ર ડાંગનો પહેલો ક્રાઇમ કેસ છે જે સોશિયલ મીડિયા પર ગજબનાક રીતે ચમક્યો. શું એ ખરેખર ઑર્ગેનિક છે?

રાઠોડના ચહેરા પર થાક વર્તાતાં નિરવને પોતાના દોસ્તની નાદુરસ્ત તબિયતનો ખ્યાલ આવ્યો અને તે પોતાની જાતને કોસવા લાગ્યો. 'હાલ પૂરતું આટલું જ. હવે હું નીકળું. તું પણ થોડો રિલેક્સ થા.'

નિરવ ઊભા થયા એટલે જયદીપ એમને ભેટી પડીને બોલ્યા, 'હું નસીબદાર છું કે આવો હીરા જેવો દોસ્ત મળ્યો.'

**અતા-પતા-લાપતા -30**

'ના, હું વધુ લકી કે મને રિયલ હીરો મળ્યો... એક ગ્રેટ ફાઇટર મળ્યો.'

■■■

ત્રણેક કલાકમાં સોશિયલ મીડિયા પર અંતે ડાંગ પોલીસે નમવું પડ્યું, ફરિયાદીના આવેદન બાદ ખુદ પોલીસ વડાએ ઝૂકવું પડ્યું, બેદરકાર ચિંચલી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઇન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી પાસેથી તપાસ આંચકી લેવાઈ, હવે લોકલ ક્રાઇમ બ્રાન્ચ કરશે તપાસ. આવું ન જાણે કેટકેટલું 'જસ્ટિસ ફૉર આયેશા'ના હૅશટૅગ સાથે ચલાવાતું રહ્યું.

આ બધું જોઈને પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણા, ઇન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી, ઇન્સ્પેક્ટર જયદીપ રાઠોડ અને 'આહવાની હવા'ની રિપોર્ટર સોનલી ભીલ એક જ દિશામાં વિચારતા હતા: આ ઝુંબેશ ડાંગ પોલીસ વિરુદ્ધ છે, નિરવ ત્રિવેદી સામે છે? કે ન્યાય ને આયેશા માટે છે? એકદમ પ્રોફેશનલ લાગતી સોશિયલ મીડિયા પાછળ અસલી ચહેરો કોનો છે? એનો અસલી મકસદ શું છે?

■■■

ક્રાઇમ બ્રાન્ચની ઑફિસેથી થાકીને ઠૂસ થઈ ગયેલા ઇન્સ્પેક્ટર જયદીપ રાઠોડ રસ્તામાં બે નાનાં નાનાં કામ પતાવીને ઘરે પહોંચ્યા. કમ્પાઉન્ડનો ગેટ ખોલીને બાઇક પાર્ક કરીને આગળ વધ્યા તો પગ એકદમ થીજી ગયા, જે જોયું એ માની ન શકાયું.

(ક્રમશઃ)

**સટાક — કમલ**

